# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા.૦૧.૧૦.૨૦૧૭

વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં
અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની કર્મભૂમિ કરમસદથી શ્રી અમિતભાઈ શાહ દ્વારા
ગુજરાત ગૌરવ યાત્રાનો ઉમંગ-ઉત્સાહના વાતાવરણમાં મંગલ શુભારંભ.

------------------

કોંગ્રેસે સરદાર પટેલને “ભારત રત્ન” ન આપ્યો, તેમનું સંસદમાં તૈલચિત્ર ન મુક્યું અને અવસાન સમયે યોગ્ય માન-સન્માન ન મળે તેવો કારસો રચ્યો. - શ્રી અમિતભાઈ શાહ

------------------

કોંગ્રેસે સરદાર પટેલની સતત અવગણના, અપમાન અને તેમને અન્યાય કર્યો છે,
તેનો ગુજરાતની જનતા કોંગ્રેસ પાસે જવાબ માંગે છે. - શ્રી અમિતભાઈ શાહ

------------------

કોંગ્રેસે સતત ત્રણ પેઢીથી ગુજરાત અને ગુજરાતના નેતૃત્વને હળાહળ અન્યાય કર્યો છે,
રાહુલ ગાંધી તેનો જવાબ આપે. - શ્રી અમિતભાઈ શાહ

------------------

કોંગ્રેસને વિકાસના આંકડા દેખાતા નથી. વિકાસની મજાક ઉડાવનાર કોંગ્રેસ તથા રાહુલ ગાંધીની મત ગણતરીના દિવસે કોંગ્રેસને સજ્જડ હાર આપીને ગુજરાતની જનતા જવાબ આપશે. - શ્રી અમિતભાઈ શાહ

**---------**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપની સરકારે ગુજરાતને ન્યાય, અધિકાર અને વિકાસ સાથે ગૌરવ આપ્યું છે. યુ.પી.એ.સરકારના સમયેગુજરાતને વિકાસ માટે માત્ર ૬૩,૩૪૬ કરોડ રૂપિયા મળતાં હતાં જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી ૧,૫૮,૩૭૭ કરોડ રૂપિયા મળી રહ્યાં છે. - શ્રી અમિતભાઈ શાહ

------------------

કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતનો વિકાસ ડબલ એન્જીનની ગતિથી આગળ વધશે. - શ્રી અમિતભાઈ શાહ

------------------

ગુજરાતની ગૌરવ યાત્રા કોંગ્રેસની અંતિમ યાત્રા બની રહેનાર છે.
“આજ દિવાળી,કાલ દિવાળી, કોંગ્રેસ તારી છેલ્લી દિવાળી” - શ્રી જીતુભાઈ વાઘાણી

------------------

કોંગ્રેસ માટે વિકાસ એક મજાક છે,
જયારે ભાજપ અને ગુજરાતને મન વિકાસ તેનો મિજાજ છે. - શ્રી વિજયભાઈ રૂપાણી

------------------

પચાસ વર્ષના તેના શાસનમાં કોંગ્રેસે ગુજરાતની વિકાસને અવરોધવાનું,જ્યારે ભાજપે તેના શાસન દરમ્યાન માત્ર ને માત્ર ગુજરાતનો વિકાસ કરવાનું કાર્ય કર્યું છે. - શ્રી નીતિનભાઈ પટેલ

------------------

સુકી ભઠ્ઠ સાબરમતી થી લઈને નર્મદા યોજના આડે અંતરાયો ઉભા કરનાર કોંગ્રેસને ગુજરાતના વિકાસ વિશે બોલવાનો લેશ માત્ર અધિકાર નથી. - શ્રીમતી આનંદીબેન પટેલ

------------------

માણસને માનવ તરીકે જોવાની કોંગ્રેસની કયારેય દૃષ્ટિ રહી નથી. વિજ્યા દશમીના પર્વની જેમ આસુરી તથા અસત્યની શક્તિઓ ઉપર સત્યના આધારે આપણો નિર્ણાયક વિજય નિશ્ચીત છે. - શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

------------------

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આજરોજ ગુજરાત ગૌરવયાત્રાના પ્રથમ ચરણના શુભારંભ પ્રસંગે કરમસદ ખાતે વિશાળ જનમેદનીને સંબોધિત કરતાં રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિતભાઈ શાહે દેશને એક સૂત્રમાં બાંધનાર તથા ખેડૂતોનો અવાજ બુલંદ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિ ઉપરથી ગુજરાત ગૌરવ યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે, તેને એક સુભગ સમન્વય ગણાવ્યો હતો.

તત્કાલીન મુખ્યમંત્રી તથા હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગુજરાતનાં વિકાસનું જે મોડેલ સાકાર થયું તેને સમગ્ર દેશે સ્વીકાર્યું. ગુજરાતમાં જે ભ્રષ્ટાચાર વિહીન સુશાસન શ્રી નરેન્દ્રભાઈએ આપ્યું તેને સમગ્ર દેશે સ્વીકાર્યું તેને માટે સમગ્ર ગુજરાત ગૌરવ લઈ શકે તેવો આપણો ગૌરવપ્રદ કાર્યકાળ રહ્યો છે તેમ શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

ગુજરાતમાં આવીને ભાજપા શાસન અંગે પ્રશ્નો ઉઠાવનાર રાહુલ ગાંધીને વેધક પ્રશ્નો કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ગુજરાતની જનતા કોંગ્રેસની ત્રણ ત્રણ પેઢી દ્વારા ગુજરાતને થતો અન્યાય વિશે જવાબ માંગી રહી છે. સરદાર પટેલને મૃત્યુ બાદ તુરંત ભારતરત્ન ન આપનાર - સંસદમાં સરદારશ્રીની પ્રતિમા ન મૂકનાર - સરદારશ્રીના અવસાન સમયે તેમણે યોગ્ય શ્રદ્ધાંજલિ પણ ન મળે તેવું આચરણ કરનાર કોંગ્રેસે ગુજરાતની જનતાને જવાબ આપવો જ રહ્યો.

ચાહે નવનિર્માણ આંદોલન હોય કે કોંગ્રેસનાં મુખ્યપ્રધાન માધવસિંહ સોલંકીના શાસનમાં ૧૯૮૫માં થયેલ આંદોલન હોય, ગુજરાતનાં યુવાનોને ગોળીએ દેનાર, છાશવારે કરફ્યુ, રમખાણો અને અશાંતિમાં પ્રજાને મૂકનાર કોંગ્રેસને ગુજરાતની જનતા ભૂલી નથી.ગુજરાતના વિકાસની મજાક ઉડાવનાર કોંગ્રેસ તથા રાહુલ ગાંધીને મત ગણતરીના દિવસે ગુજરાતની જનતા દ્વારા યોગ્ય પદાર્થપાઠ જરૂરથી મળશે તેમશ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતું.

૨૦૦૧ મા નરેન્દ્રભાઈનું શાસન આવ્યા પછી ગુજરાતમાં સુખ, શાંતિ અને સલામતી સ્થાપવાનું, કરફ્યુમુક્ત પ્રજા જીવન બક્ષવાનું ભગીરથ કાર્ય ભાજપાના શાસનમાં શક્ય બન્યું. ગુજરાતમાં વાઈબ્રન્ટ જેવા અનેક આયામો થકી ઉદ્યોગો લાવવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈના શાસનમાં થયું.

૧૯૬૧માં નહેરુજીના વખતમાં જે યોજનાનો પત્થર મૂકાયો, તે ખોડંગાતી નર્મદા યોજનાને પૂર્ણ કરવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈના શાસનમાં થયું. પ્રધાનમંત્રી બન્યા પછી માત્ર ૧૭ દિવસમાં ડેમના દરવાજા મૂકવાની મંજૂરી આપીને રાજસ્થાન અને કચ્છના ખાવડા સુધી પાણી પહોંચાડવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈના પ્રયાસો થકી શક્ય બન્યું.

૧૯૯૫ પહેલાં કોંગ્રેસનાં શાસનમાં ગુજરાતની પરિસ્થિતિ અને ૨૦૧૭ સુધીના ભાજપાના બે દાયકાના શાસનમાં સર્જાયેલ આમૂલ પરીવર્તનની પરિસ્થિતિનો તુલનાત્મક ચિતાર રજૂ કરતાં રાષ્ટ્રીય પ્રમુખશ્રીએ સીલસીલાબંધ વિગતો ઉપસ્થિત જનમેદની સમક્ષ રજૂ કરી હતી.

વિજળીની પરિસ્થિતિનો ચિતાર આપતાં જણાવ્યું હતું કે, ૧૯૯૫માં વિજળીનું ઉત્પાદન ૩૬,૭૩૨ મિલીયન યુનિટ થતું હતું આજે ભાજપ શાસનમાં વિજળીનું ઉત્પાદન ૧,૦૩,૧૩૭ મિલીયન યુનિટ થઈ રહ્યું છે. વિજળીનું વપરાશ ૨૭,૧૩૮ એમ.યુ.થી વધીને ૭૭૦૨૫ એમ.યુ સુધી પહોચ્યો છે. ૧૯૯૫માં સાક્ષરતાનો દર ૬૯ ટકા હતો આજે સાક્ષરતાનો દર ૭૮ ટકા છે. ૧૯૯૫માં વાહનોની સંખ્યા ૩૩.૭૮ લાખ હતી આજે ૨.૩ કરોડ વાહનો ગુજરાતના રસ્તાઓ ઉપર મોજૂદ છે. અનાજનું કુલ ઉત્પાદન ૧૯૯૫માં ૪૭.૭૪ લાખ મેટ્રીક ટન હતું અત્યારે ૬૩.૧૭ લાખ મેટ્રીક ટન અનાજનું ઉત્પાદન છે. પહેલાં ૨૪ લાખ કપાસની ગાંસડીઓનું ઉત્પાદન થતું હતું. આજે ૧.૨૪ કરોડ ગાંસડીઓનું ઉત્પાદન થઈ રહ્યું છે. ૧૯૯૫માં ૨૧.૨૯ લાખ મેટ્રીક ટન ફળોનું ઉત્પાદન હતું આજે ૮૫ લાખ મેટ્રીક ટન ફળોનું ઉત્પાદન થઈ રહ્યું છે. **1995**માં **46.09** લાખ મેટ્રીક ટન દૂધનું ઉત્પાદન હતું. આજે **122.62** લાખ મેટ્રીક ટન દૂધનું ઉત્પાદન થઈ રહ્યું છે. ડૉકટરોની સંખ્યા **1995**માં **26734** હતી. આજે **61214** જેટલાં ડૉકટરોની સેવા સરકારમાં ઉપલબ્ધ છે. એન્જીનીયરીંગ સીટોમાં **14** ગણો વધારો, મેડીકલ સીટોમાં **7** ગણો વધારો. યુનિવર્સિટીમાં **9** ગણો વધારો છેલ્લા બે દાયકામાં થવા પામ્યો છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ગુજરાતમાં માથાદીઠ આવક કોંગ્રેસના શાસનમાં **13665** હતી જે આજે **141504** રૂ. છે. **10** વર્ષ સુધી કોંગ્રેસના શાસનમાં કેન્દ્રીય કર માંથી **43** હજાર કરોડ ગુજરાતને મળતાં હતાં. આજે ભાજપના શાસનમાં **1** લાખ **22** હજાર કરોડ એટલે ત્રણ ગણાં વધુ નાણાં ગુજરાતને કેન્દ્રીય કર માંથી મળી રહ્યાં છે. ગુજરાતને અનુદાન સહાયતા પહેલાં **8** હજાર કરોડ મળતી હતી જે વધીને આજે **17962** કરોડ મળી રહી છે. રીલીફ ફંડ જે પહેલાં **2** હજાર કરોડનું હતું જે વધીને લગભગ ત્રણ હજાર કરોડનું થવા પામ્યું છે. આમ, કોંગ્રેસના શાસનમાં ગુજરાતને કુલ સહાય **63343** કરોડ મળતી હતી. જે આજે વધીને **158377** કરોડની ભાજપના શાસનમાં થવા પામી છે.

રાજકોટની ઈન્ટરનેશનલ એરપોર્ટ હોય, એઈમ્સની સુવિધા હોય, બુલેટ ટ્રેન હોય, નર્મદા યોજના માટે ડેમના દરવાજા મુકવાની મંજૂરી હોય, મેટ્રો ટ્રેનનો પ્રોજેકટ હોય, ઓખા થી બેટ દ્વારકા વચ્ચેના સાત કિ.મી.ના કેબલબ્રીજની મંજૂરી હોય કે દિલ્હી-મુંબઈ કોરીડોરમાં ગુજરાતમાં થનાર વિકાસના કાર્યોને વેગ આપવાનો હોય-શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ શાસને માત્ર ને માત્ર ગુજરાતના વિકાસની અહર્નિશ ચિંતા કરી છે. તેમશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

આજે ગુજરાત ગૌરવ યાત્રાના પ્રસ્થાન પ્રસંગે ગુજરાતના વિકાસની આ અવિરત ગાથાને ભવિષ્યમાં પણ બરકરાર રાખવા તથા આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં **150**થી વધુ બેઠકોની જીત માટે સૌને સંકલ્પ બદ્ધ થવા રાષ્ટ્રીય પ્રમુખશ્રીએ આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વિકાસની ગૌરવવંતી ગાથાને જનજન સુધી ગુજરાત ગૌરવયાત્રા દ્વારા પહોંચાડવાની છે .કોંગ્રેસના પ્રપંચો-લોભામણી જાહેરાતો-જુઠ્ઠાણા-ગુજરાતની જનતા સ્વીકારવાની નથી .ગૌરવયાત્રા જનતાની યાત્રા છેસર્વ સમાજની યાત્રા છે .ગુજરાત ગૌરવ યાત્રા, કોંગ્રેસની અંતિમયાત્રા બની રહેવાની છે. સૌ સાથે મળી “આજ દિવાળી-કાલ દિવાળી - કોંગ્રેસ તારી છેલ્લી દિવાળી” એ અભિયાનને સાર્થક કરીએ. રાજયના લાખો કાર્યકરો વતી પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિતભાઇ શાહને સધિયારો આપ્યો હતો કે, ગુજરાતનો ભાજપાનો પ્રત્યેક કાર્યકર ૧૫૦+ બેઠકોનું લક્ષ્યાંક હાંસલ કરીને જ જંપશે.

રાજ્યના યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ગુજરાત વિકાસની દિશામાં કઇ રીતે આગળ વધશે છે તે અંગે જન-જન સુધી સંપર્કની આ ગૌરવ યાત્રા છે. કોંગ્રેસે ગુજરાતના અને ભારતના સપૂત સરદારને સતત અન્યાય કર્યો. ભારતરત્ન હોય તેમાં ૪૧ વર્ષનો વિલંબ, સંસદમાં તૈલચિત્ર ભાજપાના શાસનમાં વાજપાઇના સમયમાં મુકાયું. સરદાર, સાવરકરજી, સુભાષચંદ્ર બોઝ જેવા રાષ્ટ્રીય સપૂતોને કોંગ્રેસે સતત અન્યાય કર્યો છે. ગામડાનો, ખેતીનો, રસ્તાઓ, ઉદ્યોગોનો વિકાસ ૨૦૦૧ પછી નરેન્દ્રભાઇના શાસનથી શરૂ થયો. રાજકારણમાં વોટબેંકની રાજનીતિને બદલે વિકાસની રાજનીતિ નરેન્દ્રભાઇના શાસનમાં શરૂ થઇ. વિકાસને અમે મિજાજ તરીકે લીધો છે. કોંગ્રેસે વિકાસને મજાક બનાવવાનું દુઃસાહસ કર્યુ છે.ચામાચીડીયાઓને જેમ સૂરજ દેખાતો નથી તેમ કોંગ્રેસને વિકાસ દેખાતો નથી. ગુજરાતના ૪૫ વર્ષના શાસનમાં કોંગ્રેસે જે ન કર્યુ તેના કરતાં અનેકગણો વિકાસ ભાજપાના શાસનમાં થયો છે. ભારતમાં કોઇ કોંગ્રેસ શાસિત રાજ્યમાં વિકાસ થયો ન હોય તેના કરતાં અનેકગણો સારો વિકાસ ગુજરાતમાં થયો છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આ અંગે ચર્ચા કરવા કોંગ્રેસ તથા રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર કર્યો હતો.

ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર કોંગ્રેસના શાસનમાં ફૂલ્યા-ફાલ્યા હતાં. ખેડૂતોને મારનાર કોંગ્રેસને ખેડૂતોના હિતની વાત શોભતી નથી. ખેડૂતો માટે પાણી, વીજળી, ખાતરની સરળતાથી ઉપલબ્ધિ, મગફળી સહિત ખેડૂતના પાકના સારા ભાવ એ ભાજપાની નીતિ રહી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, ભાજપાની બધી જ સરકારોએ ગુજરાતની સવા ૬ કરોડની જનતાના બધા જ વર્ગોની સેવા કરવાનું કાર્ય હંમેશા કર્યું છે. સરદાર સાહેબની કલ્પના પ્રમાણે દેશની સુરક્ષા, અખંડીતતા અને સૌને સર્વાંગીણ વિકાસ કરવાનું કાર્ય - પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભાજપા શાસનમાં થઈ રહ્યું છે. **1946**માં સરદાર સાહેબે નર્મદા યોજના માટે જોયેલું સ્વપ્ન પૂર્ણ કરવાનું કાર્ય ૧૭ સપ્ટેમ્બરે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક પડકારોનો સામનો કરીને પાર પાડ્યું છે. કોંગ્રેસ ૫૦ વર્ષમાં જનતાની સેવા કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે.

પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સાચા અર્થમાં વિકાસના કાર્યો ભાજપ શાસનમાં થયાં છે. સૂકી ભઠ્ઠ સાબરમતીને નવપલ્લવિત કરીને સાબરમતી રીવરફ્રન્ટનું નિર્માણ હોય કે સોમનાથ, અંબાજી, જેવા ધાર્મિક સ્થાનોનો વિકાસ હોય, વિકાસના નક્કર કાર્યો તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં શરૂ થયાં. બાળકોને **100** ટકા શિક્ષણ,તેમના પોષણ, તેમના આરોગ્યની ચિંતા ભાજપ શાસને કરી છે. મા વાત્સલ્ય કાર્ડ દ્વારા ગરીબ પરિવારોના આરોગ્યની ચિંતા કરી **700** કરોડ રૂ.જેટલી જંગી રકમ તેને માટે ફાળવી છે. સ્ત્રી આરોગ્યની ચિંતા આપણે કરી છે. **2000** કરતા વધુ માતાઓ બહેનોના કેન્સર અંગે નિઃશુલ્ક સારવાર માટે ભાજપા શાસને વ્યવસ્થા કરી છે. સતત દોઢ વર્ષ સુધી ઉત્તરગુજરાત અને સૌરાષ્ટ્રમાં દિવસ-રાત જોયા વગર **1** લાખ ખેડૂતો પાસેથી **90** હજાર હેક્ટર જેટલી જમીનનું સંપાદન કરી નર્મદાના પાણી ભૂજ અને સૌરાષ્ટ્રની સૂકી ધરતી સુધી પહોંચાડ્યા છે. ખેડૂતોને કોંગ્રેસના શાસનમાં **18** ટકા વ્યાજે લોન મળતી હતી. ભાજપના શાસનમાં **1** ટકા વ્યાજે લોન મળી રહી છે.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વિજ્યા દશમીના તહેવારની જેમ આસુરી શક્તિઓ તથા અસત્ય ઉપર આગામી સમયમાં આપણાં સત્યના વિજય માટે સૌ કટીબદ્ધ થઈએ.દેશ ચલાવવાનો નથી પરંતુ દેશ બદલવાનો છે, તે ભાજપની પરિકલ્પના છે અને દેશ બદલવો શક્ય છે એબાબતને ગુજરાતમાં ભાજપે સાર્થક કરી બતાવી છે. આઝાદીના સમયે આપણી સાથે આઝાદ થયેલા નાના-નાના દેશો પણ નોંધપાત્ર વિકાસ સાધી શક્યા છે. જ્યારે કોંગ્રેસની ભૂલ ભરેલી તથા દિશાવિહીન નીતિઓને કારણે આપણાં દેશનો સંભવિત વિકાસ થઈ શક્યો નથી. તે હકીકત છે. કોંગ્રેસે દલિત હોય કે મુસ્લિમ હોય કે આદિવાસી તેમને માત્ર મત તરીકે જોયા છે. માણસને માનવ તરીકે કયારેય જોયો નથી. જયારે ભાજપે સમાજની સમરસતાને અકબંધ રાખીને વિકાસના અગણિત કાર્યો પૂર્ણ મને કર્યા છે.

આજની આ ગૌરવ યાત્રાના શુભારંભ પ્રસંગે રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાજય સરકારના મંત્રીશ્રીઓ, સંગઠનના સૌ પદાધિકારીશ્રીઓ સહિત વરિષ્ઠ મહાનુભાવો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ